# TENDER DOCUMENT FOR

# APPOINTMENT OF THE EVENT MANAGEMENT AGENCY

# FOR INAUGRATION AND VAN MAHOTSAV

# TO BE ORGANISED DURING 2017-18

# BY PRINCIPAL CHIEF CONSERVATOR OF FORESTS,

# GUJARAT STATE, GANDHINAGAR

**TENDER NOTICE NO: 3/2017-18**

**Phone No: 079-232-54144/54673,**

**Fax No:079-232-54781**

***Tender Fee Rs.2500/-***

**e-proposals :** Each Applicant has to compulsorily submit its e-proposal on the website https://nprocure.com and also provide the hard copies of the physical bid to C/o
ADDITIONAL PRINCIPAL CHIEF CONSERVATOR OF FOREST, FINANCE MANAGEMENT, A/2, ARANYABHAVAN, GANDHINAGAR.

૧.૦ <u>પ્રસ્તાવનાઃ</u>

વન વિભાગ, ગુજરાત રાજ્ય, દ્વારા લોકોને ચોમાસા દરમ્યાન પ્રેરિત કરવા માટે સાંસ્કૃતિક વન લોકાર્પણ અને વન મહોત્સવ ઉજવણી કાર્યક્રમ જુલાઈ-ઓગસ્ત-૨૦૧૭ દરમ્યાન ગુજરાત રાજ્યના કોઈ પણ જીલ્લામાં નકકી કરવામાં આવેલ સ્થળે જે તારીખ રાજય સરકાર નક્કી કરે તે દિવસે આયોજન કરવાનું છે. આ કામગીરી માટે ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. ઉદઘાટન માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવનાર છે.

૨.૦ <u>ઉદ્દેશોઃ-</u>

આ ટેન્ડરનો ઉદ્દેશ રસ ધરાવતી, અનુભવી અને પાત્રતા ધરાવતી ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીઓ પાસેથી જે તારીખ નક્કી થાય તે દિવસ દરમ્યાન સાંસ્કૃતિક વન લોકાર્પણ અને વન મહોત્સવ ઉજવણી કાર્યક્રમનાં આયોજન માટે આ ટેન્ડર દસ્તાવેજમાં જણાવેલ બોલીઓ અને શરતો મુજબ દરખાસ્ત મંગાવવામાં આવે છે.

૩.૦ <u>સત્તાવાર માહિતીઃ</u>

૩.૧ પ્રી-બિડ મીટિંગનું આયોજન તા.૩૦.૦૫.૨૦૧૬ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગે નીચે જણાવેલ સ્થળે રાખવામાં આવી છે.

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી,
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાંકીય વ્યવસ્થાપન, એ-બ્લોક, બીજો માળ,
સેક્ટર ૧૦એ, અરણ્યભવન, ગાંધીનગર

પ્રી-બિડ મીટિંગમાં થયેલ ચર્ચાની માહિતી નીચે જણાવેલ વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

(૧) https://nprocure.com

(૨) www.forests.gujarat.gov.in

૩.૨ <u>ઈવેન્ટ મેનેજમેન્ટ નક્કી કરવાનું પત્રક (ટેન્ડર) નીચે મુજબ છે.</u>

| | | |
|---|---|---|
| (૧) ટેન્ડર ડોક્યુમેન્ટ અપલોડ કરવાની તારીખ | ૨૨.૦૫.૨૦૧૭ | ૧૧-૦૦ કલાક |
| (૨) પ્રી-બીડ મીટીંગની તારીખ | ૩૦.૦૫.૨૦૧૭ | ૧૨-૦૦ કલાક |
| (૩) ઓન લાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ | ૧૪.૦૬.૨૦૧૭ | ૧૬-૦૦ કલાક સુધી |
| (૪) ફીઝીકલ દસ્તાવેજો મોકલવાની તારીખ | ૧૫.૦૬.૨૦૧૭ | ૧૨-૦૦ કલાક સુધી |
| (૫) ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | ૧૬.૦૬.૨૦૧૭ | ૧૧-૩૦ કલાક |
| (૬) ફાયનાન્સીયલ બીડ(ઈ-ટેન્ડર)ખોલવાની તારીખ | ૨૧.૦૬.૨૦૧૭ | ૧૧-૩૦ કલાક |
| (૭) ટેન્ડરની અવધી( સમય ગાળો) | ૧૨૦ દિવસ | |

૪.૦ પાત્રતાનાં ધોરણોઃ

૪.૧ ટેન્ડર ભરનાર ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી રજિસ્ટર્ડ થયેલ હોવી જોઈએ અને આ એજન્સી પાસે તેમના નામે વેલીડ સર્વિસ ટેક્ષ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ / સેલ્સ ટેક્ષ / વેટ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ તથા આવકવેરાનો PAN હોવો જરૂરી છે.

૪.૨ ટેન્ડર ભરનારને રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ ઓછામાં ઓછા ત્રણ કાર્યક્રમ યોજવાનો અનુભવ હોવો જોઈએ. આ અંગેના આધાર – પુરાવા રજુ કરવાના રહેશે.

૪.૩ એજન્સીનો ગુણવત્તા સભર કાર્યક્રમના આયોજન, માર્કેટીંગ અને ઈવેન્ટ મેનેજમેન્ટનો ઓછામાં ઓછો ૨ વર્ષનો સ્વતંત્ર અનુભવ હોવો જોઈએ.

૪.૪ એજન્સીએ છેલ્લા ત્રણ વર્ષમાં કોઇપણ ઇવેન્ટમાં રૂા.૫૦.૦૦ લાખનું કામ સંતોષકારક પુર્ણ કરેલ હોવા જોઇએ.

૪.૫ ટેન્ડર ફોર્મ ફી પેટે રૂ.૫૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ “વન સંરક્ષકશ્રી, હિસાબ, ગાંધીનગર” ના નામે મોકલવાનો રહેશે.

૪.૬ ટેન્ડર ભરનારે અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) રૂ.૧.૫૦ (રૂપિયા એક લાખ પચ્ચાસ હજાર પુરા) “વન સંરક્ષકશ્રી, હિસાબ, ગાંધીનગર” ના નામે ડીડી ધ્વારા ચુકવવાના રહેશે. EMD ઉપર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહી. EMD પૂરે પૂરી કે અંશતઃ નીચેમાંના કોઈ એક કે વધારે કારણોસર ફોરફીટ (જપ્ત) કરવામાં આવશે.

(અ) ટેન્ડર ભરનાર પોતાનું ટેન્ડર પરત ખેંચશે

(બ) જેનું ટેન્ડર મંજૂર થાય તે એજન્સી (૧) જો આયોજન કરવાનું સ્વીકારે નહીં (૨) જો પરફોર્મન્સ ગેરન્ટી ન આપે (૩) દર્શાવેલ સમયમર્યાદામાં જરૂરિયાત મુજબની વ્યવસ્થા નહીં કરવામાં આવે.

ઉપર જણાવેલાં બધાં જ કવર એક અલગ કવરમાં સીલ કરવા અને એની ઉપર “સાંસ્કૃતિક વન લોકાર્પણ અને વન મહોત્સવ ઉજવણી કાર્યક્રમ માટેનું ટેન્ડર” એવો શેરો મારવો.

૪.૭ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી દ્વારા નીચે મુજબની સંપૂર્ણ વિગત સાથે દરખાસ્ત કરવાની રહેશે.

૪.૭.૧ પ્રદર્શનની રૂપરેખા તૈયાર કરવાની, માર્કેટિંગની તથા પ્રદર્શનના વ્યવસ્થાપન માટેની સક્ષમતા હોવી જોઈએ.

૪.૭.૨ પ્રદર્શન માટેનાં માળખાંની ગોઠવણીની, માળખા તૈયાર કરવાની અને એને ઊભા કરવાની સક્ષમતા હોવી જોઈએ.

૪.૭.૩ સમાન પ્રકારના સમકક્ષ કામનું છેલ્લાં ત્રણ વર્ષનું ઓછામાં ઓછું સરેરાશ ટર્નઓવર રૂા.૧૦૦ લાખ ( રૂપિયા સો લાખ) હોવું જોઈશે.

૪.૮ ટેન્ડર બાબતના કોઇ પણ પ્રકારના સુધારા વધારા nprocure ની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ થશે. આ અંગે કોઇપણ પ્રકારની જાહેરાત ન્યઝ પેપરમાં કે બીજી કોઇપણ રીતે આપવામાં આવશે નહી.

## ૫.૦ દસ્તાવેજોની સુપ્રદવિધિ અને પસંદગીની કાર્યપદ્ધતિ

૫.૧ પ્રત્યેક અરજદારે વેબસાઈટ https://nprocure.com ઉપર ઈલેક્ટ્રોનિક-ઈ-દરખાસ્ત ફરજિયાત પણે રજૂ કરવાની રહેશે.

૫.૨ પ્રત્યેક અરજદારે નીચે જણાવ્યા મુજબ સીલ કરેલાં અલગ કવરોમાં એની દરખાસ્તની હાર્ડકોપી પણ રજૂ કરવાની રહેશે.

(૧) એક કવરમાં, ગાંધીનગર ખાતે ચૂકવણી થાય એવો “વન સંરક્ષકશ્રી, હિસાબ, ગાંધીનગર”, ની તરફેણમાં લખાયેલો કોઈપણ રાષ્ટ્રીયકૃત ભારતીય બેંકનો રૂા. ૧,૫૦,૦૦૦/- (રૂપિયા એક લાખ પચ્ચાસ હજાર)ની અર્નેસ્ટ મની ડિપોઝિટનો ડીમાન્ડ ડ્રાફ્ટ બીડવાનો રહેશે.

(૨) એક અલગ કવરમાં “સાંસ્કૃતિક વન લોકાર્પણ અને વન મહોત્સવ ઉજવણી કાર્યક્રમ માટેની ટેકનિકલ દરખાસ્ત” જેમાં મંડપ અને સ્ટેજની ડીઝાઈન તથા અન્ય યોગ્યતાના માપદંડ સહિતની ટેકનિકલ વિગતો હોવી જોઈશે.

(3) ઉપર જણાવેલાં બધાં જ કવર એક અલગ કવરમાં સીલ કરવા અને એની ઉપર “સાંસ્કૃતિક વન લોકાર્પણ અને વન મહોત્સવ ઉજવણી કાર્યક્રમ માટેનું ટેન્ડર” એવો શેરો મારવો. અને બુકબાઇડીંગ કરી સાદર કરવાનું રહેશે.

૫.3 અર્નેસ્ટ મની ડીપોઝિટ અને ટેન્ડર ફી સિવાયની ટેકનિકલ દરખાસ્તો તરત જ કાઢી નાંખવામાં આવશે.

૫.૪ દરખાસ્ત નીચેના સરનામે, ઠરાવેલા સમય અને તારીખ (૧૬.૦૬.૨૦૧૭, ૧૨.૦૦ કલાકે) પહેલાં “રજીસ્ટર પોસ્ટ એ.ડી” થી મળી રહે તે રીતે અથવા રૂબરૂમાં ટેન્ડર પેટીમાં ઇનવર્ડ કરાવી સ્વીકારવામાં આવશે.

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી,
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાંકીય વ્યવસ્થાપન, એ-બ્લોક, બીજો માળ,
સેક્ટર ૧૦એ, અરણ્યભવન, ગાંધીનગર- ૩૮૨૦૧૦

૫.૬ પ્રત્યેક અરજદારે ટેન્ડરની આવશ્યકતાઓ અનુસાર, પોતાની દરખાસ્તના ટેકામાં તમામ લાગુ પડતા દસ્તાવેજો તેમજ અન્ય કોઈપણ પ્રસ્તુત-સંબંધકર્તા સામગ્રી, ફોટોગ્રાફ અને/અથવા બીડાણો દરખાસ્ત સાથે અવશ્ય જોડવા. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર  વધુ માહિતી માટે પૂરક વિનંતી કરી શકશે, જે એકવાર બહાર પાડ્યા બાદ, ટેન્ડરના ભાગરૂપ બની જશે. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર કોઈપણ દરખાસ્ત સંબંધમાં એને જરૂરી જણાય એવી વધારાની માહિતી, ગેરંટી અને/અથવા દસ્તાવેજો રજૂ કરવા કોઈપણ અરજદારને ગમે ત્યારે- કોઇપણ સમયે જણાવી શકશે અને આવી વધારાની માહિતી, ગેરંટી અને/અથવા દસ્તાવેજનો જે તે દરખાસ્તનું મૂલ્યાંકન કરવા

માટે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પસંદગીની કાર્યપદ્ધતિના કોઈપણ તબક્કે ઉપયોગ થઈ શકશે.

૫.૭ દરખાસ્ત રજૂ કરવા માટેના ટાઈમટેબલમાં જણાવ્યા મુજબના ઠરાવેલા સમય અને તારીખ સુધીમાં પ્રારંભિક દરખાસ્તને પહોંચાડવામાં-ટ્રાન્ઝિટ દરમ્યાન-થયેલા કોઈપણ વિલંબ માટે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર જવાબદાર રહેશે નહિ.

૫.૮ દરખાસ્ત તૈયાર કરવાનો અને અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ને પહોંચે એ રીતે રજૂ કરવા માટેનો ખર્ચ અરજદારે જાતે જ ભોગવવાનો રહેશે અને એ ભરપાઈ કરવામાં નહીં આવે. વધુમા, સંબંધિત સમિતિ સમક્ષ પ્રેઝન્ટેશન અંગેનો તેમજ આવવા-જવાના પ્રવાસ વગેરેનો ખર્ચ પણ અરજદારે ભોગવવાનો રહેશે.

૫.૯ એકવાર, રજૂ થયેલી પ્રત્યેક દરખાસ્ત, આ દરખાસ્તમાં સૂચવાયેલી શરતોએ (કે પછી એમાં અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા કરાયેલા સુધારા મુજબ) સેવાઓ પૂરી પાડવાની બાબત બંધનકર્તા અને રદ ન કરી શકાય,પાછી ન ખેંચી શકાય, એવી ઓફર બની જાય છે, જે ઓફરમાં એને રજૂ કરવાની તારીખ પછી સુધારા-વધારા નહીં થઈ શકે કે પછી એને પાછી પણ નહીં ખેંચી શકાય. (અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સાથે પરામર્શ કર્યા સિવાય)

૫.૧૦ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર કોઈપણ દરખાસ્ત સંપૂર્ણપણે અથવા તો આંશિક રીતે અથવા તો દરખાસ્ત સંબંધમાંના કોઈપણ પ્રતિભાવો અથવા રજૂઆતો સ્વીકારવા અથવા એની વિચારણા કરવા બંધાયેલું નથી અને અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર કોઈપણ દરખાસ્ત, પ્રતિભાવો અથવા રજૂઆતોનો અસ્વિકાર કરી શકે છે.

૫.૧૧ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અરજદાર જેની દરખાસ્ત ટેન્ડરમાં જણાવાયેલી શરતો અનુસારના માપદંડ અને જરૂરિયાતોને સૌથી વધુ-સફળ રીતે સુસંગત હોય (સંપૂર્ણપણે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની વિવેકબુદ્ધિ અનુસાર) એની નિમણૂંક કરવાનો અથવા તો સુધારેલો કે પછી અલગ ટેન્ડર બહાર પાડવા સહિત (મર્યાદા સિવાય) સેવાઓ પૂરા પાડવા માટેની વૈકલ્પિક સગવડો કરવા કે પછી આ સેવાઓ જાતે જ પૂરી પાડવાનો હક્ક અનામત રાખે છે.

૫.૧૨ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ધ્વારા નક્કી કરાએલા ટાઈમ ટેબલ અનુસાર પસંદગીની કાર્યવિધિ હાથ ધરશે. પ્રત્યેક અરજદાર ટાઈમટેબલમાં સૂચવાયેલી સમયમર્યાદાઓ (ડેડલાઈન)માંની લાગુ પડતી મર્યાદાઓ તેમજ પસંદગીની સળંગ કાર્યવિધિ દરમ્યાન અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર જે અન્ય મર્યાદાઓ લાદે એનું સંપૂર્ણપણે પાલન કરવું રહેશે અને આમ કરવું આવશ્યક છે. (સિવાય કે, અગ્ર મુખ્ય

વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા કિસ્સાવાર અન્ય રીતે મર્યાદાઓ મંજૂર કરાઈ હોય)

૫.૧૩ મેગા ઇવેન્ટની કામગીરીનો વર્ક ઓર્ડર આપવાની કે ન આપવાની સત્તાનો અધિકાર અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અબાધિત રાખે છે.

૫.૧૪ <u>પસંદગીની કાર્યવિધિમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.</u>

(એ) ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીની યોગ્યતા, અનુભવ અને લાયકાતો તપાસીને પ્રત્યેક ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીની પ્રતિભાવશક્તિ, (રીસ્પોન્સીવનેસ) જાણવા માટે દરખાસ્તોનું ટેકનિકલ મૂલ્યાંકન, જેમાં ધૂમ્મટ (ડોમ)ના માપદંડ અને ટેકનિકલ ડીઝાઈન સાથેનું એનું મળતાપણું (મર્યાદા વગર) તપાસવાનો પણ સમાવેશ થાય છે. અરજદારની યોગ્યતા-અનુકૂળતાનું મૂલ્યાંકન થઈ શકે એ માટે ‘રીસ્પોન્સીવ’ અરજદારોએ સંબંધિત કમિટી સમક્ષ પ્રેઝન્ટેશન કરવાનું જરૂરી બની શકે છે. દસ્તાવેજોની ચકાસણી તથા એની રજૂઆત બાદ ફકત ટેકનીકલી કવોલીફાઇડ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી નાણાંકીય હરાજી/લીલામમાં ભાગ લેવા માટે યોગ્ય ગણાશે.

(બી) ટેકનિકલી યોગ્ય જણાયેલા ‘બિડર્સ’ (બીડમાં ભાગ લેનાર) માત્રના નાણાંકીય બિડ તપાસવામાં આવશે. આ બીડ કે બોલીની માત્ર બીડર્સ દ્વારા જણાવાયેલી રકમના આધારે સરખામણી કરી એજન્સી નક્કી કરવામાં આવશે. જે સર્વે ટેન્ડર ભરનારને બંધનકર્તા રહેશે.

(સી) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીની પસંદગી કરવામાં આવશે. સદરહુ ટેન્ડર પ્રક્રિયાથી પસંદ કરવામાં આવેલ એજન્સીને અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા વર્ક ઓર્ડર આપવામાં આવશે. આ ટેન્ડરમાં જણાવેલ તમામ શરતો અને બોલીઓ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીને બંધનકર્તા રહેશે.

(ડી) કામગીરી કરનાર એજન્સી ને સદરહુ કામગીરી માટે વર્કઓર્ડર આપવામાં આવશે. વન સંરક્ષકશ્રી, હિસાબ, ગાંધીનગર ના નામનો, પરફોર્મન્સ ગેરન્ટી તરીકે વર્કઓર્ડર ના ૫ ટકા પ્રમાણે નો, ડીમાન્ડ ડ્રાફ્ટ, કામગીરીનો ઓર્ડર આપ્યાની તારીખથી ૩ વર્કીંગ દિવસમાં, આપવાનું રહેશે. જો પરફોર્મન્સ સંતોષજનક ન જણાય તો કમિટીની ભલામણ મુજબ આ રકમ જપ્ત કરવામાં આવશે અન્યથા કાર્યક્રમ પછી પરત કરવામાં આવશે.

(ઈ) કાયદાકિય રીતે જરૂરી તમામ મંજૂરી / પરવાનગી સક્ષમ અધિકારી પાસેથી સ્વખર્ચે ટેન્ડર ભરનારે મેળવી લેવાની રહેશે.

(એફ) ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીએ ટેન્ડરની શરતો અને બોલીઓ માટે રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર કરારનામું (અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર પાસેથી આપશે) લખી આપવાનું રહેશે.

## ૬.૦ સ્કોપ ઓફ ધ વર્ક

૬.૧ સમગ્ર ઈવેન્ટનાં આયોજન માટેની જગ્યા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નક્કી કરેલ સ્થળે વિના મૂલ્યે ફાળવશે.

૬.૨ સદર આયોજન માટે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા નક્કી કરવામાં આવનાર સ્થળે જમીન સમતળ અને રોલરથી માટી ન ઉડે તે રીતે દબાવવાની રહેશે. તેમજ સમતળ કરેલ જગ્યાએ કોઇ પથ્થર/રોડા કે અન્ય અડચણ હોય તો દૂર કરવાના રહેશે.

૬.3 ઉદઘાટન સમારંભ મંડપ / ડોમનું પેકેજ: - ૫૦૦ફૂટ X ૨૪૦ ફૂટ (૩ ડોમ, ૮૦ફૂટ X ૫૦૦ ફૂટ)

૬.3.૧ મુખ્ય ઉદઘાટન સમારંભ ડોમ તેમજ બાજુના બે ડોમ: પીલર લેસ M.S.DOM રહેશે. તેની સીલીંગ આકર્ષક, સ્વચ્છ કાપડની વોટરપ્રુફ અને ફાયર રીટ્રાયવર હોવી જોઈએ.

૬.3.૨ મુખ્ય સ્ટેજ ફૂલોથી અને કુંડાઓથી સુશોભિત કરવાનો રહેશે અને સાથોસાથ સ્ટેજની આજુબાજુ ૨૦૦નંગ ફૂલછોડના કુંડા મુકવાના રહેશે.

૬.3.3 મહાનુભાવોના સ્વાગત કરવા માટે અધિકૃત અધિકારીશ્રીના પરામર્શમાં રહીને જુદા જુદા શાકભાજીઓ, ફળો, કઠોળ તથા ધાન્ય પાકોની અંદાજિત ૨૫ સુશોભિત ટોપલીઓ (અંદાજીત ૧.૫ કિ.ગ્રામ વજનની)તથા ૨૫ બુકે તૈયાર કરવાના રહેશે.

૬.3.૪ હાઈ લેવલ સિક્યુરિટીના ધોરણ મુજબનું ૬૦ ફૂટ X ૫૦ ફૂટનું કાર્યક્રમ માટેનું ડેકોરેટિવ સ્ટેજ કારપેટ સાથે બાંધવાનું રહેશે. ઉપર જરૂરી ટીપોઈ, એકસરખા વી.વી.આઈ.પી. તથા વી.આઈ.પી. સોફાઓ, ખુરશીઓ (૬૦ વ્યક્તિઓ માટે કાપડના કવર સાથે) પોડીયમ, આકર્ષક ડીઝાઈન સાથેનું ગુજરાત વન વિભાગ મંજૂર કરે તેવું બેનર /(બેક ડ્રોપ, ૪૮ ફૂટ X ૧૦ ફૂટનું), માન. મુખ્યમંત્રીશ્રીની બેઠક સામે એલસીડી ટીવી(૪૨"નું) તથા સ્ટેજની બંને બાજુએ ૪૨"ના બે એલસીડી ટીવીની જરૂરી સ્ટેન્ડ સાથેની વ્યવસ્થા આપવાની રહેશે. બંને સાઈડે મજબુત પગથીયા રાખવાના રહેશે. વીઆઇપી સ્ટેજની બાજુમાં/પાછળ વી.વી.આઈ.પી./વી.આઈ.પી.ઓની ગરિમા સચવાય તેવી નાની મોટી તમામ જરૂરિયાત જેવી કે કેમિકલ ટોઇલેટ અને અન્ય જરુરી ચીજવસ્તુઓ સાથેના સુવિધાયુક્ત બે ગ્રીન રૂમ નિર્માણની કામગીરી કરવાની રહેશે.

૬.3.૫ મેઇન સ્ટેજની આગળ સાંસ્કૃતિક કાર્યક્રમ માટેનું સ્ટેજ ૩૨ફૂટ X ૩૨ફૂટ X ૩ફૂટનું સાઇડમાં પગથીયા સાથે બનાવવાનું રહેશે.

૬.3.૬ સ્ટેજ તથા વી.વી.આઈ.પી. બેઠક રૂમમાં જરૂરી સંખ્યામાં એ.સી ( અંદાજે કુલ ૮૦ ટન કેપેસીટી) મુકવાના રહેશે.

૬.3.૭ ૨૦ ફૂટ X ૨૦ ફૂટની સફેદ કલરની વી. વી.આઈ.પી. બેઠક રૂમ, જરૂરી લાઈટ, એસી, પંખા, સોફા, ખુરશીઓ સાથે અને બાજુમાં વી.આઈ.પી. ટોયલેટ(કેમીકલ ટોયલેટ),

પાણીની સગવડ આપવાની રહેશે તથા વી.વી.આઈ.પી. એન્ટ્રી માટે અલગ સુશોભિત માર્ગ તથા એન્ટ્રી ગેટ (૧૦ ફૂટ X ૧૨ ફૂટ) સુસ્વાગતમ બેનર સાથે બનાવવાનો રહેશે.

૬.૩.૮ કાર્યક્રમ સંકલન સમિતિ સુચવે ત્યાં ભવ્ય પ્રવેશદ્વાર ૧૪ ફૂટ ઉંચો અને ૨૦ ફૂટ પહોળો તેમજ પાંચ દરવાજા ૧૦ફૂટ X ૧૨ફૂટ (એક વીઆઇપી માટે અને ચાર ખેડૂતો માટે) બેનર સાથે બનાવવાના રહેશે.

૬.૩.૯ સ્ટેજ આગળ મહાનુભાવોના કટઆઉટ, સુવાક્યો તથા સુત્રો સાથે મુકવાનું રહેશે. જેની ડીઝાઈન અને સુવાક્યો ગુજરાત વન વિભાગ પાસે મંજુર કરાવવાના રહેશે.

૬.૩.૧૦ જરૂરી લાઈટો, પંખા, સાઉન્ડ સિસ્ટમ, જનરેટર, ગેંગ વે, બેરી કેડ(૩ ફૂટની) ની વ્યવસ્થા કરવાની રહેશે. આ સમીયાણા સાઈડથી બે મીટરની ઉંચાઈ સુધી બંધ કરવાનો રહેશે.

૬.૩.૧૧ લાભાર્થીઓ માટેના સભામંડપમાં ૨૦,૦૦૦ પ્લાસ્ટિકની ખુરશીઓની વ્યવસ્થા કરવાની રહેશે. આ માટે અંદાજિત ૧૨૦૦૦ ચો.મી.નો M.S.DOM બનાવવાનો રહેશે. તેમાં ગ્રીન નેટની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ મંડપમાં ફોગર સિસ્ટમથી અસરકાર ઠંડક કરવાની રહેશે.

૬.૩.૧૨ ઉદઘાટન સમારંભ મંડપમાં પત્રકારો માટે ૫૦ પ્લાસ્ટિકની ખુરશીઓ તેમજ ૨૦ ટેબલ; વૈજ્ઞાનિકો, અધિકારીશ્રીઓ, આમંત્રિત મહેમાનો માટે ૫૦ સોફા અને ૧૦૦ પ્લાસ્ટિકની ખુરશીઓ; એનાઉંસર માટે ટેબલ ખુરશી સાથેનું જરૂરી ઉંચાઇનું પ્લેટફોર્મ (ઓડીયો સીસ્ટીમ સાથે), સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારો માટે ૫૦ પ્લાસ્ટીક ખુરશીઓ, પુરસ્કાર મેળવનાર અને લાભાર્થીઓ માટે ૫૦ પ્લાસ્ટીક ખુરશીઓ ગોઠવવાની રહેશે.

૬.૩.૧૩ ઉદ્દઘાટન સમારોહના સ્થળના હેલીપેડ પાસે ૨૫ ફૂટ X ૧૫ ફૂટ નો કાપડનો મંડપ બનાવવાનો રહેશે. જે ત્રણ સાઈડથી બંધ કરવાનો રહેશે. આ મંડપમાં વીઆઈપી માટે બે સીટ વાળા ત્રણ નંગ સોફા,વીસ પ્લાસ્ટિકની ખુરશી અને ગ્રીન રૂમ તથા કેમીકલ ટોયલેટની વ્યવસ્થા કરવાની રહેશે.

૬.૩.૧૪ સમગ્ર ઈવેન્ટ દરમ્યાન ખેડૂતો/મુલાકાતીઓ માટે સભામંડપમાં કે બહાર તેમજ પાર્કીંગની જગ્યામાં પણ ઠંડા શુદ્ધ પીવાના પાણીની સગવડ (વોટર જગ તથા પ્લાસ્ટીક ગ્લાસ) સતત મળી રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

૬.૩.૧૫ ઉદ્દઘાટન સમારંભના પરિસરમાં વહીવટ તંત્રની સૂચના મુજબ જરુરી સી.સી.ટી.વી. કેમેરા (૨૫ નંગ) લગાડવાના રહેશે. વધુમાં સલામતી માટે મૂકવામાં આવતા મેટલ ડીટેકટરના સાધનોની વ્યવસ્થા કરવાની રહેશે. આ અંગેની કોઈ એકસ્ટ્રા રકમનું ચૂકવણું અગ્ર મુખ્ય વન સંરક્ષક, ગુજરાત રાજ્ય, એ કરવાનું રહેશે નહી.

૬.૩.૧૬ એલ.ઈ.ડી. વોલ યુનિટ ( ૧૦ ફૂટ X ૮ ફૂટ) ૬ નંગ પ્લેટફોર્મ તૈયાર કરી મુકવાના રહેશે, તેમજ ક્લીયર ઇન્ટરપ્શન વગર લાઇવ ટેલીકાસ્ટ થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૬.૩.૧૭ મંડપની સફાઈ માટે પુરતા સફાઈ કર્મીઓ રાખીને સતત કચરો વીણવાનો રહેશે અને સમગ્ર પરિસર આયોજનના સમયગાળા દરમ્યાન સ્વચ્છ રહે તેવી કામગીરી ગોઠવવાની રહેશે.

૬.૩.૧૮ પુરૂષ તથા સ્ત્રીઓ માટે અલગ અલગ જગ્યાએ મુતરડી/ટોયલેટ બનાવવા અને સફાઈ તથા સ્વચ્છતાની જાળવણી કરવાની રહેશે. આ સેનેટરી બ્લોકમાં સંપૂર્ણ પાણીની સગવડતા સાથે સફાઈ થાય અને દુર્ગંધ ન આવે તેવી સફાઈ વ્યવસ્થા ગોઠવવાની રહેશે અને પાર્કીંગના સ્થળે મુતરડીની વ્યવસ્થા કરવાની રહેશે.

૬.૩.૧૯ વી.વી.આઈ.પી.(૧૦૦ વ્યક્તિ) અને વી.આઈ.પી.(૨૦૦ વ્યક્તિ)માટે ( ૧૦૦ ફૂટ X ૬૦ફૂટ) અને આ સિવાયના અંદાજે ૨૦૦૦ વ્યક્તિઓ માટે જમવા માટે અલાયદા ૧૫૦ ફૂટ X ૧૦૦ ફૂટ ના મંડપ જમીન લેવલ કરી સમીયાણા ઉભા કરવાના રહેશે અને લાઈટની સુવિધા કરવાની રહેશે. જેમાં વી.આઈ.પી. સમીયાણામાં ડાયનીંગ ટેબલ, ખુરશી તથા એરકુલરો અને બુફે માટે કાઉન્ટર મુકવાના રહેશે. જયારે અન્ય સમીયણામાં એરફેન અને બુફે કાઉન્ટરની સુવિધા આપવાની રહેશે. જમણવારના સ્થળો સમતળ ન હોય તો પાર્ટીએ ટ્રેકટર/અન્ય સાધન દ્વારા સમતલ કરી આપવાના રહેશે. લાઇટની વ્યવસ્થા ગોઠવવાની રહેશે અન્યથા જરૂરી કેપેસીટીના જનરેટર સેટ મૂકવાના રહેશે.

૬.૪.૧૫ મેગા ઈવેન્ટના સ્થળે વી.વી.આઈ.પી. વી.આઈ.પી., અધિકારીશ્રીઓ તથા આમંત્રિતોના પાર્કીંગના સ્થળે ૧૫ X ૧૫ ફૂટનો મંડપ, ખુરશી, ટેબલ, સાઉન્ડ સીસ્ટમ તથા બેનર લગાવવાના રહેશે.

૬.૪.૧૬ ઉક્ત તમામ સુવિધાઓ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ની કમિટીના માર્ગદર્શન અને પસંદગી મુજબની ઈન્ટરનેશનલ આઉટલુક જેવી સગવડ સાથે આપવાની રહેશે.

૬.૫ ઉદઘાટન સમારોહના સ્થળ સુધીના માર્ગનું સુશોભન (બે બાજુ) / પ્રચાર

૬.૫.૧ જેમાં જુદા જુદા વિભાગો દર્શાવતા અલગ અલગ કલરના ફ્લેગ દર ૨૦ ફુટે બનાવવાના રહેશે. પ્રદર્શન સ્થળ પર મુખ્ય દરવાજો (૨૦ ફૂટ X ૧૪ ફૂટ) સુશોભિત કરવાનો રહેશે.

૬.૫.૨ "૬૮મો વન મહોત્સવ કાર્યક્રમ, ગુજરાત વન વિભાગ " લખાણ સાથે આશરે ૧૦૦ મીટર ઉંચો અને ૩ મીટર વ્યાસવાળો કલરવાળો ફુગ્ગો (બલૂન) દોરીથી બાંધી ઉંચે મૂકવાનો રહેશે. જે દૂરથી પણ સ્પષ્ટ નિહાળી તથા વાંચી શકાય તેવો હોવો જોઈએ અને સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બલૂન હવાથી ભરેલો રહેવો જોઈએ.

૬.૬ <u>અન્ય જરૂરિયાતો જે ઇવેન્ટ મેનેજમેન્ટ એજન્સીએ વિના મૂલ્યે પૂરી પાડવાની રહેશે.</u>

૬.૬.૧ પીવાના આર.ઓ. પાણીની વ્યવસ્થા ઉદઘાટન સમારોહના મુલાકાતીઓ માટે પૂરી પાડવાની રહેશે.

૬.૬.૨ ખુલ્લી જગ્યાએ અને રોડ ઉપર દરરોજ પાણી છાંટવાની વ્યવસ્થા કરવાની રહેશે અને સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સફાઈ કરાવવાની રહેશે.

૬.૬.૩ યુરીનલ/ટોયલેટ બનાવવા અને સફાઈ તથા સ્વચ્છતાની જાળવણી કરવાની રહેશે. (પુરૂષ તથા સ્ત્રીઓ માટે અલગ અલગ જગ્યાએ) આ સેનેટરી બ્લોકમાં સંપૂર્ણ પાણીની સગવડતા સાથે સફાઈ થાય અને દુર્ગંધ ન આવે તેવી સફાઈ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૬.૬.૪ કાર્યક્રમ સ્થળ તેમજ આજુબાજુ સ્થળો રસ્તાની સફાઈની કામગીરી કરવાની રહેશે. પેપર પ્લાસ્ટિકનો કચરો સતત સાફ કરવાનો રહેશે.

૬.૬.૫ હેવી કેપેસીટીના જરૂરી જનરેટરની વ્યવસ્થા કરવાની રહેશે. જરૂરિયાત મુજબ જરૂરી જનરેટરની વ્યવસ્થા કરવાની રહેશે.

૬.૬.૬ કાર્યક્રમના સ્થળે ફાયર ફાઈટીંગ સિસ્ટમ વગેરે કાયદાકીય જોગવાઇ મુજબ વ્યવસ્થા પૂરી પાડવાની રહેશે.

૬.૬.૭ સાંસ્કૃતિક વન લોકાર્પણ અને વન મહોત્સવ કાર્યક્રમના સમગ્ર સ્થળની સાધનસામગ્રીની તમામ સિક્યુરિટીની જવાબદારીની કામગીરી તેમજ વિવિધ પાર્કીંગ સ્થળે સિક્યુરિટી વ્યવસ્થા માટે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિકૃત અધિકારીશ્રીની સૂચના અને માર્ગદર્શન મુજબ કામગીરી કરવાની રહેશે.

૬.૬.૮ સાંસ્કૃતિક વન લોકાર્પણ અને વન મહોત્સવ કાર્યક્રમના સ્થળની વિવિધ પ્રિમાઈસીસ માટે જી.ઈ.બી.માંથી ઈલેક્ટ્રિક કનેકશન મેળવવું, ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ ગોઠવણી, વિવિધ સ્થળે મેઈન કરંટ સપ્લાય લાઈન, થ્રી ફેઝ કનેકશન અને મેઈન્ટેનન્સ વ્યવસ્થા સાથે તેમજ સંપૂર્ણ લાઈટબીલ ઈવેન્ટ એજન્સી દ્વારા ભરાય ત્યાં સુધીની સંપૂર્ણ કામગીરી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિકૃત અધિકારીશ્રીની સૂચના અને માર્ગદર્શન મુજબ કરી આપવાની રહેશે. જનરેટરની પણ વ્યવસ્થા કરવાની રહેશે.

૬.૬.૯ તમામ ચુકવણાઓ જેવા કે ઈલેક્ટ્રિસિટી બીલ, અન્ય વેરાઓ વિગેરે નિયુક્ત થયેલી એજન્સીએ ભરવાની રહેશે. જે અંગે અગ્ર મુખ્ય વન સંરક્ષકની કોઈ જવાબદારી રહેશે નહીં.

૬.૬.૧૦ વાહનોના પાર્કીંગની જરૂરી વ્યવસ્થા ગોઠવવાની રહેશે. વાહન પાર્કીંગની જગ્યા સમતળ કરવાની રહેશે તથા પ્રવેશ અને બહાર નીકળવાનો રસ્તો બનાવી આપવાનો રહેશે.

૬.૬.૧૧ સ્થળની મુલાકાતે આવનાર મુલાકાતીઓ માટે રસ્તો બતાવવાના માર્ગ સૂચક બોર્ડ દૂરથી સ્થળ સુધી દર ૨૦ ફુટે મુકવાના રહેશે.

૬.૬.૧૨ જરૂરી જગ્યાએ આવકારવાના ૨૦ બેનરો ૮ફૂટ X૩ફૂટ સાઈઝનાં સૂચના મુજબ મુકવાના રહેશે.

૬.૬.૧૩ વહીવટીતંત્રના માર્ગદર્શન મુજબની બેરીકેડ બનાવી આપવાની રહેશે.

૬.૬.૧૫ પાર્ટીએ ગાંધીનગર અને અમદાબાદ ખાતે ૧૦, મેગા ઈવેન્ટના સ્થળે ૫ તથા સંબંધિત જિલ્લાના સ્થળે ઈવેન્ટના સ્થળ સુધીના રસ્તા ઉપર ૨૫ એમ ૧૫'X૧૦' સાઈઝના કુલ ૪૦ બેનર લગાડવાના રહેશે.

૬.૭ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીઃ

ફોટોગ્રાફી અને વિડીયોગ્રાન્ફીની કામગીરી ઇવેન્ટ મેનેજમેન્ટ એજન્સીએ નીચે મુજબ ઇવેન્ટના દિવસ(સો) દરમ્યાન  કરવાની રહેશે.

૬.૭.૧ વિડીયોગ્રાફી (સંપૂર્ણ એચડી સેટ)

૧. ત્રણ હાઇ ડેફિનેશન કેમેરા સેટ અપ સાથે ડિજિટલ વિડિયો શૂટિંગ (સંપૂર્ણ એચડી ફોર્મેટમાં (1080x1920) કરવાનું રહેશે.

૨. એક ઑફલાઇન મોબાઇલ કેમેરા (સંપૂર્ણ એચડી ફોર્મેટમાં i.e.1080X1920 )થી શૂટિંગ કરવાનું રહેશે.

૩. એચડી-એસડીઆઇ (સીરીયલ ડિજિટલ ઈન્ટરફેસ) કેબલ એટલે એચડી મિક્સર કેમેરા સાથે રેકોર્ડિંગ.

૪. GTPL અને બીજી વિવિધ ચેનલો દ્વારા સાદુ/એચ ડી જીવંત પ્રસારણ કરી શકે તે માટે એચડી એસડીઆઇ –સાથે કેબલીંગ માટેની જરુરી આઉટપુટ લાઇનની વ્યવસ્થા કરી આપવાની રહેશે.

૫. વધારાની DV રેકોર્ડર (2 Nos.)

૬.૭.૨ <u>ફોટોગ્રાફીઃ</u>

૧. દરેક ઘટના માટે ઉચ્ચ મેગા પિક્સેલ કેમેરા સાથે ઓછામાં ઓછા ત્રણ વ્યવસાયિક ફોટોગ્રાફરો રાખવા.

૨. ઇવેન્ટ મેનેજમેન્ટ એજન્સીએ –કાર્યક્રમ પૂર્ણ થયે તુરત જ અસલ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની ડીવીડી સીડી, તમામ ફોટોગ્રાફસનું ૧ નંગ આલ્બમ તથા પસંદ કરેલા ફોટોગ્રાફસના ૬ નંગ આલ્બમ સેટ આપવાના રહેશે.

૭.૦ <u>આર.એફ.પી. દસ્તાવેજ સુપ્રદ કરવા માટેની સામાન્ય શરતો</u>

૭.૧ કામે રાખનાર માલિક (એમ્પ્લોયર) દ્વારા અરજદારોના દસ્તાવેજોનો એમ્પ્લોયર દ્વારા ઉપયોગ અથવા એના વતી આ પેટા કલમમાં જેની પરવાનગી આપવામાં આવી હોય એવા હેતુઓ માટે (આ સિવાયના હેતુઓ માટે નહીં) અરજદારના દસ્તાવેજો અને કરાર દ્વારા (અથવા તો

એના વતી) તૈયાર કરવામાં આવેલા ડિઝાઈનના દસ્તાવેજોનો ઉપયોગ થઈ શકશે, એની નકલ થઈ શકશે અથવા થર્ડ પાર્ટીને એની જાણ કરી શકાશે.

વિગતો ગોપનીય રહેશે.

૭.૨ અરજદારે કરારની વિગતોને ખાનગી અને ગોપનીય ગણવી, કરાર હેઠળની પોતાની જવાબદારી કે ફરજો બજાવવા જરૂરી હોય એને બાદ કરતાં અરજદારે કરારની કોઈપણ વિગતો માત્ર અગ્ર મુખ્ય વન સંરક્ષક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ની મુનસફી મુજબ, એની અગાઉથી લેખિત સંમતિ મેળવ્યા સિવાય વ્યાપારના કોઈપણ છાપાં-સામયિક અથવા ટેકનિકલ પેપરમાં અથવા તો અન્યત્ર પ્રસિદ્ધ ન કરવી, પ્રસિદ્ધ કરવા માટે પરવાનગી ન આપવી અથવા તો એની જાહેરાત ન કરવી.

૭.3 વીજળી, પાણી અને ગેસ

અરજદારે એનું "કામ/કામગીરી" પાર પાડવા માટે જરૂરી વીજળીક શક્તિ/પાણી/ગેસ અને આવશ્યક અન્ય સેવાઓ માટે તેની પોતાની વ્યવસ્થા કરવાની રહેશે.

૭.૪ સ્ટાફ અને કામદારો

અરજદારના કામકાજ ઉપર દેખરેખ રાખનારા સ્ટાફ-કર્મચારીઓમાંથી, વાજબી પ્રમાણમાં કર્મચારીઓને ગુજરાતી અને/અથવા હિંદી ભાષાનું કામકાજ પૂરતું જ્ઞાન હોવું જરૂરી છે અથવા તો ઈવેન્ટ કોન્ટ્રક્ટર પાસે કામકાજનાં સ્થળે, કામકાજના સમગ્ર સમયગાળામાં પૂરતાં પ્રમાણમાં-સંખ્યામાં કાબેલ દુભાષીયા હોવા જોઈશે.

૭.૫ જીવાતો અને જંતુઓનાં ઉપદ્રવ સામે પગલાં

કામકાજનાં સ્થળે કામે રખાયેલી તમામ સ્ટાફ અને મજૂરોનું જીવજંતુઓનાં ઉપદ્રવ સામે રક્ષણ કરવા તેમજ સામાન્ય ગંદકી વગેરેને કારણે આરોગ્ય સામે ઊભું થતું જોખમ ઘટાડવા અરજદારે હંમેશાં જરૂરી સાવધાનીનાં પગલાં ભરવા રહેશે. મેલેરીઆનો ઉપદ્રવ અટકાવવા માટે અરજદારે એના સ્ટાફ તથા મજૂરોને યોગ્ય પ્રકારના રોગપ્રતિબંધક સાધનસામગ્રી પૂરી પાડવી અને બંધિયાર પાણીના ખાબોચિયાં ઊભાં થતાં અટકાવવાનાં પગલાં ભરવા. અરજદારે સ્થાનિક આરોગ્ય સત્તાવાળાઓના તમામ નિયમનોનું પાલન કરવું અને કામકાજનાં સ્થળે ઊભાં કરાએલાં તમામ મકાનોમાં માન્ય જંતુનાશકોનો પૂરતા પ્રમાણમાં છંટકાવ કરવાની વ્યવસ્થા કરવી. આ પ્રકારનાં પગલાં ઓછામાં ઓછાં એકવાર અથવા તો સંબંધિત સત્તાવાળાઓ દ્વારા સૂચવ્યા મુજબ ભરવા. અરજદારે કામકાજનાં સ્થળે જીવાતોનો નાશ કરતી વ્યવસ્થા "રીપેલન્ટ" ગોઠવવી.

૭.૬ રોગચાળો

જો કોઈ ચેપી રોગચાળો ફાટી નીકળે તો એવા સંજોગોમાં અરજદારે સંબંધિત સરકાર અથવા તો સ્થાનિક તબીબી કે આરોગ્ય સત્તાવાળાઓ દ્વારા રોગચાળાના પ્રતિકાર માટે અને એને

નિર્મૂળ કરવા જે કોઈ જરૂરી નિયમનો, હુકમો વગેરે બહાર પાડવામાં આવે એને અનુસરી જરૂરી પગલાં ભરવાનાં રહેશે.

૭.૭ <u>આલ્કોહોલિક પીણાં અથવા કેફી દ્રવ્યોઃ-</u>

અરજદારે, કાયદા, વટહુકમો અને વખતોવખત અમલમાં હોય એવા સરકારી નિયમો અથવા હુકમોને સુસંગત ન હોય એ રીતે, કોઈપણ આલ્કોહોલિક પીણાં અથવા કેફી દ્રવ્યો આપવા નહીં, એનું વેચાણ ન કરવું, સાટાથી વેચાણ ન કરવું અથવા તો અન્ય રીતે એનો નિકાલ ન કરવો અથવા તો એના સબ-કોન્ટ્રાક્ટરો, એજન્ટો, સ્ટાફ અથવા મજૂરો દ્વારા એની આયાત, વેચાણ, ભેટ, સાટું કરવાં અથવા એનો નિકાલ કરવાની પરવાનગી અથવા છૂટ ન આપવી.

૭.૮ <u>શસ્ત્રો અને દારૂગોળો</u>

ઈવેન્ટ કોન્ટ્રાક્ટરે કોઈપણ શસ્ત્રો અથવા કોઈપણ પ્રકારનો દારૂગોળો રાખવો નહીં, એનું સાટું ન કરવું અથવા અન્ય કોઈ રીતે કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને એનો નિકાલ ન કરવો અથવા તો ઉપર જણાવ્યા મુજબ એ માટે પરવાનગી ન આપવી કે પછી છૂટ ન આપવી.

૭.૯ <u>ફેરફારનો હક્ક</u>

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર કામકાજનાં સ્થળની પરિસ્થિતિ-હાલત અનુસાર, અંગભૂત ઘટકની કોઈપણ આઈટમ સંબંધિત કામ-વર્કસ કે એના કોઈપણ હિસ્સાના સ્વરૂપ, ગુણવત્તા અથવા જથ્થા/પ્રમાણમાં કોઈપણ ફેરફાર કરી શકશે, જે એના મત મુજબ જરૂરી હોય અને એ હેતુ માટે અથવા તો અન્ય કોઈ કારણસર એના અભિપ્રાય અનુસાર જે યોગ્ય હોય. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને, આ મુજબ કરવા અરજદારને સૂચના આપવાનો હક્ક રહેશે અને અરજદારે નીચે જણાવ્યા મુજબની કોઈપણ કામગીરી હાથ ધરવી રહેશે.

કરારમાં સમાવિષ્ટ કોઈપણ કામ (વર્ક)ના જથ્થા-પ્રમાણમાં વધારો કરવો અથવા ઘટાડો કરવો.

એવું કોઈપણ કામ, કૉન્ટ્રાક્ટરની ઠરાવેલી સમયમર્યાદાના અંત પહેલાં પડતું મૂકવું આવા કોઈપણ કામનું વિશિષ્ટ લક્ષણ, અથવા ગુણવત્તા અથવા એના પ્રકાર-સ્વરૂપમાં ફેરફાર કરવો. વર્કસના કોઈપણ હિસ્સાની સપાટી, લાઈન્સ, સ્થિતિ અને પરિમાણો બદલવા.

નિશ્ચિત કામ (વર્કસ) સંપૂર્ણ કરવા માટે જરૂરી કોઈપણ પ્રકારનું વધારાનું કામ હાથ ધરવું અથવા

નિશ્ચિત કામ (વર્કસ)ના કોઈપણ હિસ્સાના બાંધકામના કોઈપણ સુનિશ્ચિત-ઠરાવેલા ક્રમ અથવા સમયમાં ફેરફાર કરવો.

(એ) કામમાંનો આવો કોઈપણ ફેરફાર, કોઈપણ રીતે કરાર-કૉન્ટ્રાક્ટને નબળો નહીં પાડે અથવા તો એને રદબાતલ નહીં ઠેરવે, સિવાય કે, કામ (વર્કસ)માં ફેરફાર કરવા સૂચના આપવાનો મુદ્દો અરજદારના કોઈક દોષ-ભૂલને કારણે અથવા તો એના દ્વારા કરારના ભંગના કારણે

ઉપસ્થિત થયો હોય અથવા તો જેને માટે એ જવાબદાર હોય, આવા દોષ/ભૂલને કારણે જો કોઈ વધારાનો ખર્ચ થાય તો આવો ખર્ચ અરજદારે ભોગવવાનો રહેશે.

(બી.) અરજદારે, અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને/અથવા એના દ્વારા નિયુક્ત એજન્સીઓ /સલાહકારો/ ઈન્ચાર્જ ઓફિસરો/કમિટી વગેરેના જાણ કર્યા સિવાય આવો કોઈ ફેરફાર ન કરવો.

૭.૧૦ <u>ફેરફારો, સુધારણા વગેરે</u>

જો વધારાના અથવા તો ફેરફાર સાથેના કામમાં, કૉન્ટ્રાક્ટના શીડ્યુલમાં કોઈ ઉલ્લેખ ન કરાયો હોય એવા કોઈપણ પ્રકારનો કામનો સમાવેશ થતો હોય તો, આ પ્રકારનું કામ 'માર્કેટ રેટ' મુજબ હાથ ધરવું. આવા કામોના ખર્ચનો વિગતવાર બ્રેકઅપ એજન્સીએ પૂરો પાડવો. કામના 'રેટ'-દરનો નિર્ણય, એજન્સી દ્વારા જે રેટ એનાલીસિસ સુપ્રદ કરવામાં આવે એના આધારે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર  લેશે.

જો ઉપર જણાવ્યા મુજબ કામનો 'રેટ' નક્કી કરવાનું શક્ય ન હોય તો, આ પ્રકારનાં (વર્ગનાં) કામો કામનાં સ્થળે અથવા તો એની સૌથી નજીકનાં સ્થળે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા જે કમિટી નિમવામાં આવી હોય કે નિમવામાં આવે એની સમક્ષ એજન્સીએની જુબાની પછી, સક્ષમ સત્તાવાળાઓ દ્વારા વિગતવાર 'રેટ એનાલીસિસ' ના આધારે જે રેટ નક્કી કરવામાં આવે એ રેટ/દર મુજબ હાથ ધરવાનાં રહેશે.

એજન્સીએ મર્યાદા બહારનું/વધારાનું કામ, અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર /સલાહકારો /કન્સલ્ટન્ટ/ ઈવેન્ટ અંગે રચાયેલી કમિટીના સભ્યની અગાઉથી લેખિત મંજૂરી સિવાય હાથ ન ધરવું. જો કોઈ વધારાનું કામ (એક્સ્ટ્રા આઈટમ) હાથ ધરવામાં આવ્યું હોય તો આ અંગે સંબંધિત નિર્ણય લેનારની લેખિત સંમતિ હોવી જરૂરી છે અને એની રજૂઆત વિગતવાર કોસ્ટ એનાલિસીસ સાથે જ કરવી.

એજન્સીએ જ્યારે જરૂર પડે ત્યારે તમામ કામોનાં માપનો સંયુક્ત રેકર્ડ એમ્પ્લોયર/ વ્યાવસાયિક સલાહકાર/કમિટીના સભ્ય વિધિવત સહી-સિક્કા સાથે તથા એ માટેનાં યોગ્ય કારણોની નોંધ સાથે રાખવો. જો અરજદાર, વધારાના અથવા તો મર્યાદા બહારનાં કામને વાજબી ન ઠેરવી શકે તો કોઈપણ વધારાનો ખર્ચ અથવા રેટ ચૂકવવાની વિચારણા ન કરવી. જો જરૂરી જણાય તો, કામોનાં માપના ટેકામાં ટોટલ સ્ટેશન સર્વે રજૂ કરવો. અરજદારના કામના અવકાશ-ક્ષેત્ર હેઠળના સમગ્ર પ્રસંગ-ઘટના (ઈવેન્ટ)ના વિડીયો રેકોર્ડીંગની સીડી જી.એ.આઈ.સી. અને કન્સલ્ટન્ટને પૂરી પાડવી.

૭.૧૧ વીમો

(સી) આ કલમ હેઠળ વીમાની પોલિસીની જવાબદારીમાં કામ તોડી પાડવાના ખર્ચા સહિત સંપૂર્ણ રીઈન્વેસ્ટમેન્ટના ખર્ચ અને વ્યવસાયિક ફી તથા નફાને આવરી લેવામાં આવેલા હોવા જોઈએ.

(ડી) આ કલમ હેઠળ વીમાનું રક્ષણ નીચે મુજબ હોવું જોઈએ અને પોલીસી સંબંધિત કાર્યક્રમના સમયગાળા દરમિયાનના અરજદારના સમગ્ર ખર્ચે લેવાવી જોઈએ.

| | | |
|---|---|---|
| ૧) | માનવીનું મૃત્યુ- | રૂ. ૩.૦૦ લાખ |
| ૨) | માનવીની કાયમી અપંગતા | રૂ. ૧.૦૦ લાખ |
| ૩) | કાયમી અપંગતામાં ન પરિણામે - એવી માનવ શરીરને થયેલી ઈજા | રૂ. ૧૦ હજાર |

(ઈ) આ ઉપરાંત અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર/કન્સલ્ટન્ટ/સરકારી અધિકારીઓ અથવા એજન્સીના કર્મચારીઓ, સાધનસામગ્રી, મિલકતો વગેરેને થયેલા કોઈપણ નુકસાનની જવાબદારી અરજદારની રહેશે.

(બીડર દ્વારા જે કોઈ વીમા ઉતારવામાં આવ્યા હોય એમાં લાભાર્થી તરીકે જે તે સંસ્થાનું નામ હોવું જોઈએ.)

૭.૧૨ 'ફોર્સ મેજ્યુરે'

'ફોર્સ મેજ્યુરે'નો અર્થ એવો પ્રસંગ (ઈવેન્ટ) અથવા સંજોગો અથવા પ્રસંગો અને સંજોગોનું મિશ્રણ, જે માઠી અસર પામેલી પાર્ટીના વાજબી નિયંત્રણની બહાર હોય અને જેને અસરગ્રસ્ત પાર્ટી 'ગુડ ઈન્ડસ્ટ્રી પ્રેક્ટિસ' દ્વારા કે પછી કરાર હેઠળ એની જવાબદારી અદા કરવાના હેતુ માટે વાજબી-માફકસરના કૌશલ્ય અને સંભાળ દ્વારા નિવારી ન શકી હોત. ફોર્સ મેજ્યુરે આવી અસરગ્રસ્ત પાર્ટીના કામ ઉપર સારા એવા પ્રમાણમાં પ્રતિકૂળ અસર કરશે.

૭.૧૩ કામની જવાબદારી

એજન્સીને, અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની પૂર્વ પરવાનગી વગર એના કામની જવાબદારીના કોઈપણ હિસ્સા અંગે પેટા-કરાર (સબ-કૉન્ટ્રાક્ટ) કરવાનો હક્ક નથી.

૭.૧૪ લિક્વિડેટેડ નુકસાન

(એ) સમગ્ર કામ પૂરૂં કરવાનો સમયગાળો, આ પ્રસંગ (ઈવેન્ટ) માટે સૂચવાયેલી-ઠરાવાયેલી તારીખો મુજબનો રહેશે. આ બાબત આ કરારના હાર્દરૂપ લેખાશે. ઉપર જણાવાયેલી અને અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા લેખિતમાં માન્ય કરાયેલી સમયમર્યાદાનું કડક પાલન કરવાનું રહેશે. અને એને અનુસરવાનું રહેશે. લિક્વિડેટેડ નુકસાન કરારનાં સમગ્ર-સંપૂર્ણ મૂલ્ય કિંમતને લાગુ પડશે. કોઈ એક ચોક્કસ કામ પૂરૂં કરવામાં, અરજદારે આ કામ પૂરૂં કરવા આપેલી અને અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય,

ગાંધીનગર એ સ્વીકારેલી તારીખ પછી પણ જો વિલંબ થાય તો આવા કિસ્સામાં, સિવાય કે, અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા લેખિતમાં સમય લંબાવી આપવામાં આવે, અરજદાર થતાં પ્રત્યેક દિવસના વિલંબ માટે, કરારના મૂલ્યનાં ૫૦ ટકાની મહત્તમ મર્યાદાની શરતે, નિશ્ચિત કરાએલાં મૂલ્યનાં ૨૫ ટકાના દરે દંડ લાગુ પડશે.

(બી) નિશ્ચિત કરાયેલા-ઠરાવાયેલા કાર્યક્રમની અંદર કામ ડિલીવર કરવામાં વિલંબના કેસમાં અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર કરારનો અંત લાવવાનો અને તમામ કામો (જોબ્સ) અથવા તો વિલંબમાં મૂકાયેલું કામ એની પસંદગીની અન્ય એજન્સી મારફત પૂરૂં કરાવવાનો હક્ક અનામત રાખે છે. બાકીનું કામ/કામો અન્ય એજન્સી મારફત પૂરાં કરાવવામાં અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને જે કોઈ વધારાનો ખર્ચ કરવો પડે એ ખર્ચ, પ્રારંભિક કૉન્ટ્રાક્ટ કરનાર એજન્સીના હિસાબ-સિક્યુરિટી ડિપોઝિટમાંથી વસુલ કરવામાં આવશે. વધુમાં આવી વસુલાતમાં જે કોઈ તૂટ પડે એને માટે જરૂરિયાત મુજબ અન્ય તમામ કાયદેસરની કાર્યવાહી કરવાનો અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને હક્ક રહેશે.

મેગા ઈવેન્ટના જે તે સ્થળે,મકાન, દિવાલ, તારની વાડ કે અન્ય સ્ટ્રકચરને અંશત: અથવા સંપૂર્ણ નુકશાન થશે તો તે સ્ટ્રકચર રીપેર /બાંધકામ કે અન્ય કામ કાર્યક્રમ પૂર્ણ થયે તુરતજ કરી આપવાનું રહેશે અને તેનો સંપૂર્ણ ખર્ચ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીએ ભોગવવાનો રહેશે.

વૈકલ્પિક ભાવ પત્રક (ઓપ્શનલ આઇટમ્સ),ફીઝીકલ દસ્તાવેજ સાથે બીડવાનું નથી. ઑનલાઇન જ ભરવાનું થશે. વૈકલ્પિક ભાવ પત્રકમાં જણાવેલ આઇટમવાર L-1 દરે નકકી કરાશે. અને પસંદગી પામેલ L-1 ઇવેન્ટ મેજેનમેન્ટ એજન્સીએ તે દરે જ વધારાની કામગીર કરવાની રહેશે.

સ્થળ :

તારીખ : પાર્ટીની સહી અને સિક્કો

# COMPANY PROFILE

- NAME OF THE EVENT MANAGEMENT AGENCY :
- PERMENANT ADDRESS :
- ADDRESS FOR CORRESPONDENCE :
- TELEPHONE NOS. :
  - OFFICE :
  - MOBILE :
  - RESIDENCE :
  - FAX NO (OPTIONAL) :
- E-MAIL ADDRESS (OPTIONAL) :
- EMD DETAILS :
  ( DEMAND DRAFT DETAILS)
  - AMOUNT :
  - DATE :
  - BANK NAME :
- TENDER FEE ( D.D. NO.) :
- VALID REGISTRATION NO. FROM COMPETENT AUTHORITY :
- INCOME TAX NO. / PAN NO. :
- SALES TAX NO./VAT/GST :
- SERVICE TAX NO. :
- EXPERIENCE DETAILS :

☐ I AGREE AND ACCEPT THE RULES AND CONDITIONS OF THE TENDER DOCUMENT.

SIGNATURE OF THE PARTY
(NAME AND DESIGNATION STAMP)

# ટેકનીકલ બીડ

| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | પાન નંબરની ઝેરોક્ષ | |
| ૨ | ગુમાસ્તાધારા સર્ટીફીકેટ | |
| ૩ | સર્વીસ ટેકસના પ્રમાણપત્રાની નકલ તથા છેલ્લા ત્રણ કવાર્ટરમાં સર્વીસ ટેકસ ચુકવણીના ચલણ અથવા રીટર્નની કોપી. | |
| ૪ | છેલ્લા ત્રણ વર્ષમાં ઓછામાં ઓછા સરેરાશ રૂા.૧૦૦ લાખનું ટર્નઓવર હોવું જરૂરી છે. | |
| ૫ | ચાલુ વર્ષની બેંક સોલ્વન્સી રજુ કરવાની રહેશે. | |
| ૬ | પી.એફ. નંબર ફરજીયાત રજુ કરવાના રહેશે. | |
| ૭ | છેલ્લા ત્રણ વર્ષમાં કોઇપણ એક ઇવેન્ટોનું રૂા.૫૦.૦૦ લાખનું કામ સંતોષકારક રીતે કરેલ છે તેવું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. | |

ઉપરોકત ટેકનીકલ બીડ ફરજીયાત ઓન-લાઇન ભરવાનું રહેશે અને તેની સાથે દસ્તાવેજો સ્કેન કરીને મુકવા ફરજીયાત નથી. પરંતુ ફીઝીકલ ફોર્મમાં અલગ કરવથી કવર ઉપર ‘‘ટેકનીકલ બીડ’’ લખી આ કચેરીએ નિયત કરેલ સમય મર્યાદામાં પહોચવા જરૂરી છે. જો નહિ મળે તો તેને ડીસકવોલીફાઇડ ગણવામાં આવશે.

ટેકનીકલ બીડમાં કવોલીફાઇડ થયેલ પાર્ટીઓના ભાવો ખોલવામાં આવશે.

## FINANCIAL BID for optional items is to be submitted online separately

**FORM**

| For Optional/additional Unit/Mandap: (Fill separate for each) | | | Rate including Taxes (Rs.) |
|---|---|---|---|
| 1 | Extra mandap | Per Sq. ft | |
| 2. | Chair | Per unit | |
| 3 | Table | Per Unit | |
| 4 | Fan | Per Unit | |
| 5 | OB Van | Per Unit | |
| 6 | LED wall with stage | Per Unit | |
| 7 | LCD TV 42 inch | Per Unit | |
| 8 | C.C. T.V. camera with recording | Per Unit | |
| 9 | Framing wall 6 ft./8 ft height | Per running Ft | |
| 10 | Green net carpet flooring | Per Sq. Ft | |
| 11 | Red carpet flooring | Per Sq. Ft | |
| 12 | DOM (Hanger) | Per Sq. Ft | |
| 13 | Laminated stall with waterproof roof | Per Sq. Ft | |
| 14 | Laminated Table (With name fecial) | Number | |
| 15 | Metal Light | Number | |
| 16 | Stage ( 4 to 6 Ft. thght) | Per Sq. Ft | |
| 17 | Stage (1 to 3 Ft. Height) | Per Sq. Ft | |
| 18 | Stage Backdrop | Per Sq. Ft | |
| 19 | Ground Leveling | Tractor | |
| 20 | Flaxo printing | Per Sq. Ft | |
| 21 | Flaxo Printing with Mounting | Per Sq. Ft | |
| 22 | Parking Area (1.25 lakhs Sq. Ft) | Per Thousand Sq. Ft | |

WE HAVE READ AND AGREED TO THE ITEM LIST AND THE TERMS & CONDITIONS OF THE TENDER DOCUMENT. WE AGREE TO DO THE WORK AS PER THE SATISFACTION OF THE PRINCIPAL CHIEF CONSERVATOR OF FORESTS< GUJARAT RAJYA.

Agency / Party Name

Stamp & Signature

PALCE

DATE

## *FIN- BID No. I(A) : (For DAY ONE)*

**PRICE BID FOR SELECTION OF EVENT MANAGEMENT AGENCY FOR INAUGURATION OF SANSKRUTIK VAN AND VAN MAHOTASV CELEBRATION (Should be submitted online only)**

| Sr. No. | Particular | Rate Including of all taxes |
|---|---|---|
| 1. | **Inauguration Event + MS DOM structure with Octonorm System**<br>• **Inauguration Mandap/Dome size -500 *240 Feet.**<br>• **All other terms of scope of work will be binding** | |

## *FIN- BID No. II (B) : ( For Subsequent DAYS)*

| Sr. No. | Particular | Rate Including of all taxes |
|---|---|---|
| 1. | **Exhibition + MS DOM structure with Octonorm System**<br>• **All other terms of scope of work will be binding** | |

## *FIN- BID No. II : ( Optional Items)*

**Tender Form for the Van Mahotsav**

Office of the Add. Pri. Chief Conservator of Forest. Financial Management, Gujarat State, Gandhinagar.

**Document Control Sheet**

| | |
|---|---|
| Tender Document No | Forest/ **Van Mahotsav -** 3/2017-18 |
| Name of the Department | Forest Department, Gujarat, Government of Gujarat. |
| Date of Issue | 22/ 05 /2017 |
| Last date for submission of queries | 29/05 /2017 |
| Date for Pre-Bid Conference | 30 /05 /2017 12-00 Hrs |
| Venue of Pre-Bid Conference | F.M. Branch, A/2, Aranya Bhavan, Opp. Saint Xaviers School, Sector-10/A, Gandhinagar - 382010 |
| Tender Fees for (Non- refundable ) Root Trainer | R. 2500.00 |
| Estimated Cost OF events | Approx. R.49.00.000/- |
| E.M.D. For Events | R. 45,000 /- |
| Total Events | -1 |
| Issue of Amendments, If any and last date of response to vendor queries. | 29/ 05 /2017 |
| Last Date and Time for upload of E-Bids | 14 /06 /2017 at 16.00 PM |
| Last Date and Time for receipt of E-Bids in Physical Form | 15 /06 /2017 at 12.00 PM |
| Date and Time of Opening of Technical Bids | 16/ 06 /2017 at 11.00 PM |
| Place of Opening of Technical Bids | F.M Branch, A/2, Aranya Bhavan, Opp. Saint Xaviers School, Sector-10/A, Gandhinagar-382010 |
| Date, Place and Time of Opening of Financial Bids | 21 /06 /2017 or later ( to be informed to Technically qualified bidders) |
| Address for Communication | Office of Add. Pri. Chief Conservator of Forest, Financial Management,<br>Aranya Bhavan, Opp. Saint Xaviers School, Sector-10/A, Gandhinagar-382010 |

✶Note: This tender document is not transferable.